# પંડિત શ્રી વીરવિજયજી કૃત સ્નાત્ર પૂજા

૧. પ્રથમ પૂર્વ દિશાએ કે ઉત્તર દિશાએ અથવા મૂળ પ્રતિમા સન્મુખ ત્રણ સુંદર બાજોઠ મૂકી તે ઉપર સિંહાસન મૂકવું.

૨. પછી નીચેના બાજોઠ ઉપર વચમાં કેસરનો સાથિયો કરી ઉપર ચોખા પુરીને એટલે ચોખાનો સાથીઓ કરી શ્રીફળ મૂકવું.

૩. પછી તે જ બાજોઠ સામે પાટલા ઉપર બીજા ચાર સાથિયા કરી, તે ઉપર ચાર કળશ નાડાછડી બાંધી પંચામૃત (દૂધ, દહીં, ઘી, જળ અને સાકરનું મિશ્રણ) ભરીને મુકવા.

૪. સિંહાસનના મધ્યભાગમાં કેસરનો સાથિયો કરી, ચોખા પુરી રૂપા નાણું મૂકી, ત્રણ નવકાર ગણી તેના ઉપર ધાતુના પરીકરવાળા પ્રતિમાજી પધરાવવા.

૫. વળી પ્રતિમાજીની આગળ બીજો સાથિયો કરી તેના ઉપર શ્રી સિદ્ધચક્રજી પધરાવવા.

૬. પ્રતિમાજીની જમણી બાજુએ પ્રતિમાજીની નાસિકા સુધી ઊંચો ઘીનો દીવો મુકવો.

૭. પછી સ્નાત્રિયાઓએ હાથે નાડાછડી બાંધી, હાથમાં પંચામૃત ભરેલો કળશ લઈને ઉભા રહેવું. ત્રણ નવકાર ગણી શરૂઆત કરવી.



Snatra Puja

# નવકાર મંત્ર

(રાગ: દૂર કોઈ આયે, ધૂન યે સુનાયે)

ણમો અરિહંતાણમ

ણમો સિદ્ધાણમ

ણમો આયરિયાણમ

ણમો ઉવઝ્ઝાયાણમ

ણમો લોએ સવ્વ સાહુણમ

એસો પંચ નમોક્કારો

સવ્વ પાવ પણાસણો

મંગલાણમ ચ સવ્વેસિમ

પઢમમ્ હવઈ  મંગલમ

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

સરસ શાન્તિસુધારસસાગરં, શુચિતરં ગુણરત્નમહાગરમ્,

ભવિકપંકજબોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્

દુહો

કુસુમાભરણ ઉતારીને, પડીમાં ધરિય વિવેક,

મજ્જનપીઠે થાપીને, કરીએ જળ અભિષેક

ગાથા – આર્યા ગીતિ

જિણજમ્મસમયે મેરુસિહરે, રયણ-કણયકલસેહિં

દેવા સુરેહિં ણ્હવિઓ, તે ધન્ના જેહિં દિઠ્ઠોસિ

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ - ઢાળ

નિર્મળ જળ કળશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે

કુસુમાંજલિ મેલો આદિ જીણંદા, સિદ્ધસ્વરૂપી અંગ પખાલી,

આતમ નિર્મળ હુઈ સુકુમાલી, કુસુમાંજલિ મેલો આદિ જીણંદા

ગાથા – આર્યા ગીતિ

## મચકુંદચંપમાલઈ; કમલાઈં પુફ્ફપંચવણ્ણાઈં;

## જગનાહ ન્હવણ સમયે, દેવા કુસુમાંજલિં દિંતિ

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ – ઢાળ

## રયણ સિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુ ચરણે દીજે

## કુસુમાંજલિ મેલો શાંતિ જીણંદા, સિદ્ધસ્વરૂપી અંગ પખાલી,

## આતમ નિર્મળ હુઈ સુકુમાલી, કુસુમાંજલિ મેલો શાંતિ જીણંદા

દુહો

## જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણ ભંડાર

## તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ – ઢાળ

કૃષ્ણાગરુ વર ધૂપ ધરીજે, સુગંધકર કુસુમાંજલિ દીજે

કુસુમાંજલિ મેલો નેમિ જીણંદા, સિદ્ધસ્વરૂપી અંગ પખાલી,

આતમ નિર્મળ હુઈ સુકુમાલી, કુસુમાંજલિ મેલો નેમિ જીણંદા

ગાથા – આર્યા ગીતિ

જસુ પરિમલબલ દહદિસિ, મહુકરઝંકારસદ્સંગીયા

જિણચલણોવરિ મુક્કા, સુરનરકુસુમાંજલિ સિદ્ધા

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ – ઢાળ

પાસ જિણેસર જગ જયકારી, જલથલ ફૂલ ઉદક કરધારી

કુસુમાંજલિ મેલો પાર્શ્વ જીણંદા, સિદ્ધસ્વરૂપી અંગ પખાલી,

આતમ નિર્મળ હુઈ સુકુમાલી, કુસુમાંજલિ મેલો પાર્શ્વ જીણંદા

દુહો

## મૂકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકુમાલ

## તે કુસુમાંજલિ ભવિકના, પાપ હરે ત્રણ કાળ

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ – ઢાળ

વિવિધ કુસુમવર જાતિ ગહેવી, જિનચરણે પણમંત  ઠવેવી

કુસુમાંજલિ મેલો વીર જીણંદા, સિદ્ધસ્વરૂપી અંગ પખાલી,

આતમ નિર્મળ હુઈ સુકુમાલી, કુસુમાંજલિ મેલો વીર જીણંદા

## વસ્તુ-છંદ

એક વાર એક વાર શાંતિનાથ પ્રભુજી, મારે મંદિરિયે આવો રે (૨)

આત્માનાં પુષ્પોથી તમને વધાવું, લેવો અમુલખ લ્હાવો રે (૨)

ન્હવણકાળે ન્હવણકાળે, દેવદાણવ સમુચ્ચિય (૨)

કુસુમાંજલિ તહિં સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધીય

જીણપયકમલે  નિવડેઈ, વિગ્ઘહર જસ નામ મંતો

અનંત ચઉવીસ જિન, વાસવ મલિય અસેસ

સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિશેષ

કુસુમાંજલિ મેલો ચઉવીસ જીણંદા (૨)

એક વાર એક વાર શાંતિનાથ પ્રભુજી, મારે મંદિરિયે આવો રે

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ – ઢાળ

અનંત ચઉવીસી જિનજી જુહારું, વર્તમાન ચઉવીસી સંભારું

કુસુમાંજલિ મેલો ચોવીસ જીણંદા, સિદ્ધસ્વરૂપી અંગ પખાલી,

આતમ નિર્મળ હુઈ સુકુમાલી, કુસુમાંજલિ મેલો ચોવીસ જીણંદા

દુહો

મહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જિન વીસ

ભક્તિ કરે તે પુજિયા, કરો સંઘ સુજગીશ

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ – ઢાળ

અપચ્છરમંડલી ગીત ઉચ્ચારા, શ્રી શુભવીરવિજય જયકારા

કુસુમાંજલિ મેલો સર્વ જીણંદા, સિદ્ધસ્વરૂપી અંગ પખાલી,

આતમ નિર્મળ હુઈ સુકુમાલી, કુસુમાંજલિ મેલો સર્વ જીણંદા

## દુહા

(દુહા બોલતી વખતે પ્રદક્ષિણા કરવી)

કાલ અનાદિ અનંતથી, ભવ-ભ્રમણનો નહિ પાર

તે ભ્રમણ નિવારવા, પ્રદક્ષિણા દેઉં ત્રણ વાર

ભમતીમાં ભમતાં થકાં, ભવ ભાવઠ દૂર પલાય

દર્શન જ્ઞાન ચારિત્રરૂપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય

સિદ્ધાચળ સમરું સદા, સોરઠ દેશ મોઝાર

મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર

**ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ**

**નિસીહિઆએ મત્થએણ વંદામિ**

જન્મ મરણાદિ ભય ટળે, સીજે જો દર્શન કાજ

રત્નત્રય પ્રાપ્તિ ભણી, દર્શન કરો જિનરાજ

જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ દેત

જ્ઞાન વિના જગ જીવડા, ન લહે તત્વ સંકેત

સિદ્ધાચળ સમરું સદા, સોરઠ દેશ મોઝાર

મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર

**ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ**

**નિસીહિઆએ મત્થએણ વંદામિ**

ચય તે સંચય કર્મનો, રિક્ત કરે વળી જેહ

ચારિત્ર નિર્યુક્તિએ કહ્યું, વંદો તે ગુણગેહ

દર્શન જ્ઞાન ચારિત્ર એ, રત્નત્રયી શિવ દ્વાર

ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવદુઃખ ભંજનહાર

સિદ્ધાચળ સમરું સદા, સોરઠ દેશ મોઝાર

મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર

**ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ**

**નિસીહિઆએ મત્થએણ વંદામિ**